**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# Alectra (અલેક્ટ્રા) નવું 400-કર્મચારીઓ ધરાવતું LEED (લીડ) પ્રમાણિત ઓપરેશન્સ સેન્ટર સીટી ઓફ બ્રેમ્પટનમાં ખોલશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 15, 2021) – ગયા અઠવાડિયે બ્રેમ્પટનની કાઉન્સિલ કમિટીની બેઠકમાં, Alectra દ્વારા નવા નક્કોર કાયમી ઓપરેશન્સ સેન્ટરના બાંધકામ માટે તેઓના પ્લાનની ઘોષણા કરવામાં આવી જે બ્રેમ્પટનમાં 200 કેનેડી રોડ સાઉથ પર સ્થિત થશે.

નવા સ્થળના એક કિલોમીટરની અંદર રિટેઇલ ક્ષેત્રના 78 ધંધાઓ અને, આવાસો તેમજ ખાદ્ય પદાર્થો સંબંધિત સેવાઓમાં 55 ધંધાઓ કાર્યરત છે. 400 કર્મચારીઓને આ વિસ્તારમાં લાવવામાં – હાલના સ્થળે નોકરીઓની અઢી ગણી સંખ્યાને – Alectra પોતાના ઓપરેશન્સ સેન્ટરની નજીકના અંતરમાં બ્રેમ્પટનના રિટેઇલ અને ફૂડ ક્ષેત્રના ધંધાઓને વધારે મજબૂત બનાવવામાં મદદરૂપ થશે, જેનાથી ભવિષ્યમાં સીટીની સ્થાનિક આર્થિક રિકવરી અને વિકાસને ટેકો મળશે.

સીટીની સ્થિરતા પ્રત્યેની કટિબદ્ધતાને અનુરૂપ, નવી સગવડ LEED (લીડરશિપ ઇન એનર્જી એન્ડ એન્વાયરોન્મેન્ટલ ડિઝાઇન) ગોલ્ડ સ્ટાન્ડર્ડ પ્રમાણિત હશે અને બ્રેમ્પટન અને મિસિસાગાને સેવા આપનારા 400 ઉપરાંત Alectra કર્મચારીઓ માટે સંયુક્ત ઓપરેશન્સ સેન્ટર તરીકે કાર્યરત થશે.

LEED પ્રમાણિત બિલ્ડિંગની કેટલીક લાક્ષણિકતાઓમાં સમાવેશ થશે:

- અપગ્રેડ કરેલ ડેડિકેટેડ આઉટડોર એર સિસ્ટમ્સ (DOAS) - LEED નાં ગોલ્ડ સ્ટાન્ડર્ડ્સને લગભગ 43% વટાવીને GHG (ગ્રીન હાઉસ ગેસ) ઉત્સર્જન ઘટાડશે
- 500KW જેટલું રૂફટોપ સોલર પાવર જનરેશન - બિલ્ડિંગની પાવર જરૂરિયાતોને પહોંચી વળવામાં 800 MWh/વર્ષથી વધારે જેટલી રિન્યુએબલ ઊર્જા મદદરૂપ થશે
- 30 થી વધારે ઇલેક્ટ્રિક વેહિકલ ચાર્જીંગ સ્ટેશન્સ ઇન્સ્ટૉલ કરવામાં આવશે જેને Alectra ફ્લીટ વેહિકલ્સ, કર્મચારીઓ, અને સામાન્ય જનતા ઉપયોગમાં લેશે

નવીનતમ અગ્રગામી સમારંભ યોજવાનું કામચલાઉ સમયપત્રક ઓગસ્ટ 2021 નું, અને પ્રોજેક્ટ સમાપનની યોજના ઓગસ્ટ 2023 સુધીમાં નિર્ધારિત કરી છે.

Alectra વિશે વધુ માહિતી અહીં મેળવો. બ્રેમ્પટનમાં આર્થિક વિકાસને લગતી વધુ માહિતી અહીં મેળવો.

## Alectra Inc. વિશે

ઓન્ટેરિયોના ગ્રેટર ગોલ્ડન હોર્સશૂ વિસ્તારમાં એક મિલિયન ઉપરાંત ઘરો અને ધંધાઓને સેવા આપતું, Alectra Utilities (અલેક્ટ્રા યુટિલિટીસ) હવે સેવા અપાતા ગ્રાહકોની કુલ સંખ્યાના આધારે, કેનેડામાં સૌથી વિશાળ મ્યુનિસિપલ માલિકીની ઇલેક્ટ્રિક યુટિલિટી છે. અનિવાર્ય ઊર્જા માળખામાં રોકાણ કરીને, વીજળીનો સુરક્ષિત અને વિશ્વાસપાત્ર પુરવઠો પહોંચાડીને, અને નવીનતમ ઊર્જા વિકલ્પો પૂરા પાડીને, તેઓ પાસેથી સેવા મેળવનાર 17 સમુદાયોના આર્થિક વિકાસ અને ગતિશીલતાને તેઓ ફાળો આપે છે.

Alectra નું લક્ષ્ય ઊર્જા સાથી બનવાનું, આવતીકાલની ઊર્જા ભાવિની શક્યતાઓ ખોળવા તેઓ પાસેથી સેવા મેળવનાર તેઓના ગ્રાહકો અને સમુદાયોને મદદરૂપ થવાનું છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન એક હરિયાળુ શહેર છે, અને આપણાં ભાગીદારો સાથે રહીને, અમે આબોહવામાં ફેરફાર સામે આપણી સ્થિતિસ્થાપકતા વધારવા અને વધારેને વધારે સ્થિર સમુદાયનું નિર્માણ કરવા કટિબદ્ધ છીએ. અમે ઉત્સાહિત છીએ કે Alectra દ્વારા પોતાના નવા ઓપરેશન્સ સેન્ટરના સ્થળ માટે બ્રેમ્પટનને પસંદ કરવામાં આવ્યું છે, અને આ નવું સ્થળ કેનેડી રોડ વિસ્તારમાં સ્થાનિક ધંધાઓ માટે વધારાના લાભો રળી આપે તેના સાક્ષી બનવા અમે આશાવાદી છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન વર્ષ 2050 સુધીમાં સીટીમાં ઉત્પન્ન થતા ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન 80 ટકા સુધી ઘટાડવાના માર્ગે છે, અને જાણી લો કે તેમ કરવા આપણાં સમગ્ર સમુદાયના ભાગીદારોના સામૂહિક પ્રયત્નો માગી લેશે. અમે Alectra નું નવું LEED પ્રમાણિત ગોલ્ડ સ્ટાન્ડર્ડ ઓપરેશન્સ સેન્ટર ખુલ્લું મૂકવામાં આવે તેની રાહ જોઈ રહ્યાં છીએ, અને 400 કર્મચારીઓ માટે ઉત્સાહિત છીએ જેઓ આ સેન્ટરમાં રહીને સેન્ટરની નજીકના બ્રેમ્પટનના ઉત્કૃષ્ટ ખોરાક અને રિટેઇલ ધંધાઓનો અનુભવ કરશે."

*- માર્ટિન મૅડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4; પ્રમુખ, આર્થિક વિકાસ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન એક આર્થિક વાતાવરણ ઊભું કરે છે જે રોકાણોને ટેકો આપે છે અને આપણાં સ્થાનિક સુમદાયની સાથે સાથે ધંધાઓને સમૃદ્ધ બનાવે છે. અમે બ્રેમ્પટનમાં વિસ્તરણ પામવાના Alectra નાં નિર્ણયને આવકારીએ છીએ. આ પ્રોજેક્ટથી બાંધકામ ક્ષેત્રમાં નોકરીઓ ઊભી થશે અને, એકવાર પ્રોજેક્ટ પૂરો થાય એટલે, આ 400 વ્યક્તિઓની સાઇટનો વધારાનો લાભ આ વિસ્તારના સ્થાનિક ધંધાઓ અનુભવશે."

*-પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 1 અને 5; ઉપાધ્યક્ષ, આર્થિક વિકાસ અને સંસ્કૃતિ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"બ્રેમ્પટનને આ ઘોષણા કરવામાં બહુ ખુશી થાય છે કે Alectra દ્વારા આપણાં હરિયાળા શહેરને તેઓના નવા ઓપરેશન્સ સેન્ટરના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. નવી LEED પ્રમાણિત સગવડથી GHG ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે અને આ વિસ્તારમાં નોંધપાત્ર નોકરીઓ ઊભી થશે જેનાથી સ્થાનિક ધંધાઓને પોતાની રિકવરીમાં ટેકો મળશે. વોર્ડ 3 વતી, હું તેઓને આ વિસ્તારમાં આવકારવા આશાવાદી છું."

*- જૅફ઼ બૉમૅન (Jeff Bowman), સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"સીટી ઓફ઼ બ્રેમ્પટનમાં કર્મચારીઓ વતી, અમે Alectra ને તેઓના 200 કેનેડી રોડ સાઉથ, બ્રેમ્પટનમાં બંધાનારા ઓપરેશન્સ સેન્ટરના સમાચાર પર અભિનંદન પાઠવીએ છીએ. અમે કાઉન્સિલની અગ્રતાની પરિભાષાને આગળ વધારવા સમર્પિત છીએ: બ્રેમ્પટન એક હરિયાળુ શહેર છે, અને આપણાં સમગ્ર સમુદાયને આવરી લેતા ભાગીદારોને આવકારીએ છીએ જેઓ આબોહવામાં ફેરફાર સામે સ્થિતિસ્થાપકતા વધારવા અને ઊર્જા કાર્યક્ષમતા સુધારવા આપણી કટિબદ્ધતામાં ફાળો આપે છે."

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"એક ટકાઉ કંપની તરીકે, Alectra નવીનતમ ઊર્જા ઉકેલોને અમલમાં મૂકીને આપણી પર્યાવરણલક્ષી ફૂટપ્રિન્ટ ઘટાડવા કટિબદ્ધ છે. આ નવી ઈમારત ન કેવળ સમગ્ર રીજીયન ઓફ઼ પીલમાં ગ્રાહકો માટે આપણાં સેવા સ્તરો સુધારશે પણ, તે વર્ષ 2050 સુધીમાં નેટ-ઝીરો બનવા આપણાં પ્રવાસમાં પણ આપણને મદદરૂપ થશે."

*- જેમ્સ મકુમ્બર (James Macumber), ઉપ પ્રમુખ, સપ્લાય ચેઇન, Alectra Utilities (અલેક્ટ્રા યુટિલિટીસ)*

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook,
અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca